બાળવર્ગ કે પહેલા ધોરણમાં ગવરાવવાનાં.

બાળ ગીતો.

રચી પ્રસિદ્ધ કરનાર,

શંકર મકનજી દવે.

અમદાવાદ,

“આર્યોદય” પ્રેસ.

સને ૧૯૦૦—સંવત ૧૯૫૬.

કિમત એકઆનો.

अर्पण पत्रिका.

સદા મહેરબાન ગણપતરામ અનુપરામ ત્રવાડી.

સંસ્થાન જુનાગઢના કેળવણીખાતાના ઉપરી

અધિકારીસાહેબ બહાદુર.

જુનાગઢ.

આપ નામદાર કેળવણીખાતા અને તેના નોકરો પ્રત્યે અત્યંત ચાહના ધરાવનાર છો, એટલુંજ નહિ પણ બાળકોને ગમત સાથે જ્ઞાન શી રીતે આપવું, એ બાબત હરઘડી મનન કર્યા કરોછો જેથી, આ પુસ્તકનો ગીતની સાથે જ્ઞાન અને સદ્બોધ આપવાનો ઉદ્દેશ હોવાથી આ લઘુ પુસ્તક આપની સેવામાં મૂકવાની રજા લઉછું.

લી. આશ્રયિત સેવક.

મણિશંકર મકનજી દવે.

પ્રસ્તાવના.

આ ગીતો માંહેનાં પહેલાં બાર ગીતો છોકરાંઓને ગવરાવ-વાનાં છે, પરંતુ કેટલોક યોગ્ય ફેરફાર કરવાથી કન્યાઓને પણ ગ-વરાવી શકાય છે; અને બાકીનાં છ ગીતો કન્યાઓને ગવરાવી શ-કાય એવાં છે.

ગીતો માંહે વપરાયલા શબ્દો બાળકોને અઘરા [illegible] તેવા હોય તેના અર્થ બાળકો સમજી શકે તેવી ભાષામાં શિક્ષકે કહી બતાવવા, કે જેથી તેમને ગાતાં રસ પડે. વળી ગીત બરાબર રા-ગમાં ગાઇ શકાય તેમ શબ્દોના ઉચ્ચારમાં સહેજ ફેરફાર કરી ગવરાવવામાં અડચણ નથી. જેવા કેઃ—"મહેતાજી"ને બદલે "મ્હે-તાજી" કે "મે'તાજી" "કહે"ને બદલે "કે'" "ગાઇએ," "થાઇએ" ને બદલે "ગાઈં, થાઇં." વગેરે. કારણ કે બાળકો એવી ભાષા વા-પરે છે; પણ તેથી બાળકોની ભાષા સુધારવા તરફ શિક્ષકે ઓછું લક્ષ આપવાનું ન સમજવું.

આકાર, રંગ વગેરેનાં ગીતો ગવરાવતાં બનતાં સૂધી, ગી-તોમાં આવે એવી જાતના કાગળના કડકા કરાવી બાળકો પાસે તૈ-યાર રખાવી શકાય, તો તેથી આવભાવ બાળકો સારા કરી શક-શે, અને સારા આવભાવથી ગીતોદ્વારા રંગાકાર વગેરેનું આપવા ધારેલું જ્ઞાન તેમને સારૂં મળશે. એવો મે. જુનાગઢ તા. સ્કૂ. મા-સ્તર સાહેબનો મત છે.

કાગળનાં નાનાં વહાણ બનાવતાં બાળકો શીખે તો તે પણ એક જાતનો બાળઉદ્યોગ ગણાશે.

લ. મણિશંકર.

॥ श्री गणेशाय नमः श्री सरस्वत्यै नमः ॥

બાળગીત.

૧

રાગ.—"બહુ તારા ઉપકાર, માતા બહુ તારા ઉપકાર."

પૂરો અમારા કોડ, પ્રભુજી પૂરો અમારા કોડ.
વિઘ્ન હરજો, દુખડાં હરજો,
હરજો ખાંપણ ખોડ— પ્રભુજી પૂરો૦
વિનય વધારી, સદ્‌ગુણ દેજો,
(અમે) છઈએ ઉછરતા છોડ— પ્રભુજી પૂરો૦
મહેતાજી મા–બાપ અમારાં,
જીવો વરસ કરોડ— પ્રભુજી પૂરો૦
વારમવાર પ્રભુને નમીને,
(અમે) વિનવીએ કર જોડ— પ્રભુજી પૂરો૦

૨

રાગ. "આવો આવોની ગોઠીઆ ગાય પાસે." એ.

આવો આવોની ગોઠીઆ ગીત ગાઈએ,
સહુ સરખેસરખા એકઠા થાઈએ;
વળી સીધા ઉભા રહીએ હારે,

ગીત ગાઈએ મે'તાજી કે' ત્યારે;
એક સાદે ઉપાડજો સહુ ભાઇ,
વળી લાંબે સાદે શુભ ગીત ગાઈએ;
એક ચિત્ત રાખીને એક તાળે,
એક સાદે ધીમેને વળી એક ઢાળે;
જેમ લાગે સાંભળનારને મીઠું,
તમે હલકે હૈડું રાખી હેઠું;
નવ ઉતાવળા આગળ દોડો,
હવે ગાવામાં આપણું ચિત્ત જોડો.

૩.

રાગ. ગરબી.

"બેનો તમે ભાવ સહીત ભણજો."

ખેલો ભેરૂ ખાંતેથી ખેલવણે;
ઓળખીએ આકારો આપણે. ખેલો ભેરૂ૦ ટેક.
પૂનમ ચાંદો ગોળ જુઓ હોયે,
વણેલી પૂરી જેવું જોઇએ. ખેલો ભેરૂ૦
લાંબું ગોળ આ તો જુઓ કેવું !
દીસે કાચ ચસ્માના જેવું ! ખેલો ભેરૂ૦
અરધ ગોળને બે ખૂણા હોયે,
ચાલો હવે તેવું શોધી જોઇએ. ખેલો ભેરૂ૦
જૂદા જૂદા આકારનાં આંહી,
જુઓ આ છે ત્રણખૂણીઆં ભાઇ. ખેલો ભેરૂ૦

આવું તે તો ચોખંડું કે'વાએ,
બાજઠ અને ટેબલ જેવું તે. ખેલો બેર૦
ભાઇ આને છ છે ખૂણા ભાળો,
આ આકાર આઠ ખૂણાવાળો. ખેલો બેર૦

૪.

રાગ. "રંગીલા ઉમંગોં સિપાઇ."

રંગીલા જુઓ આ રંગ, સરવે સંપથી મળીં સંગ.
જો આ કંકુ કેવું લાલ, કરીએ ચાંદલો કપાળ.
મોળાં લાલ પૈસો પાઇ, લે તું જોનીં આ છે ભાઇ.
ગુલાબી રંગનો ફેંટો, જુઓ આ બાંધીને બેઠો.
પીળા રંગનું પત્તું, હથેળીમાં કરો ચત્તું.
લીલાં ચાવવાનાં પાન, જુઓ ઝાડ લીલે વાન.
વાદળ જેવું કાળું ભાઈ, વાદળીં રંગનું કહેવાય.
આંખે મેંશ આંજે જેહ, કાળા રંગની છે તેહ.
પાટી પેન લઈ કાળી, લખીને [1]એક ઘો તાળી.
થયો આ એકડો ધોળો, હવે મો પાઠ સૌ બોલો.

૫.

રાગ. ગરબી.

"એનો તમે ભાવ સહીત ભણજો."

ચાલો હવે કસરત તો કરીએ,
મે'તાજીને સલામ તો ભરીએ. ચાલો હવે૦ ટેક.

---

[1] એકડો.

બન્ને પગ રાખો બધા જોડે,
બન્ને હાથે અદબ કરો કોડે— ચાલો ભેરૂ૦
વાળો પગ જમણો સહુ સાથે,
મૂકો તેને ડાબા ઢીંચણ માથે. ચાલો ભેરૂ૦
સીધા થઈને વાળોની ડાબો હવે,
મૂકો પાછો જમણા ઢીંચણપર તે. ચાલો ભેરૂ૦
સીધા થઈને બેસો બધા ભાઈ,
બતાવોની બેહાની ચતુરાઇ. ચાલો ભેરૂ૦
ડાબો ફણો જમણી જાંગે મેલો,
બીજો ડાબી જાંગ ઉપર ઠેલો. ચાલો ભેરૂ૦
રાખી બંને હાથતણો ટેકો,
હીંચે તેને ચંચળ તો લેખો. ચાલો ભેરૂ૦

૬

રાગ.—" બીક્ષી વાઘતણી માશી "

મેઉલો આવે ને ઘેર કેમ જાવું, વાદળે અંધારૂં ઘોર બનાવ્યું. ટેક
આકાશમાં આ કાળી વાદળીઓ, દેખોની દોડતી આવે,
મોટાં મોટાં તો ફોરાં પાડીને, મેઉલાને વરસાવે. મેઉલો૦
વાદળમાં ઝબકે વિજળી આપણને, ચમકાવવાને કાજે,
નેવલેથી પાણી દડ દડ પડેછે, ને હડૂડૂ મેઉલો ગાજે. મેઉલો૦
મંડયો ઝપાટે વાવા આ વાયરો, લાવે છે વાદળાં તાણી,
ઝાડને ખોરડાં ભીંજાઈ ગયાં, બધી પૃથ્વી પાણી પાણી. મેઉલો૦

૭.

રાગ. ઉપરનો.

મેઉલે પાણી વાદળાથી આણ્યું, આંગણે મોટું તળાવ ભરાણું. ટેક.
જો જો ફીરંગીની ટોપીના જેવા, પાણીમાં થાય પરપોટા,
જાતાં જાતાં જો ફૂટ ફૂટ ફૂટે, કૈક છોટા ને કૈક મોટા. મેઉલે.
નાનાં કાગળનાં હોડકાં કરીને, પાણીમાં મૂકશું તરતાં;
નહિ આવડે તેને કરી દેશું, અને શીખવશું વળી કરતાં. મેઉલે.
પાટીને ચોપડી લેશું બગલમાં, જાળવીને ઘેર તો જાશું;
છત્રી ઓઢીને હળવેથી હાલશું, થોડાક તોય ભીંજાશું. મેઉલે.

૮.

રાગ.--"બાગ બાગ બાગ આતે કેવો દીસે બાગ."

આજ આજ આજ જાવું છે જમવાને આજ,
બપોર વેળા વીતી ગઈને હમણા પડશે સાંજ. ટેક.
કેરીના રસ જેવી કીધી તુવેર કેરી દાળ,
કમોદ કેરો ભાત કર્યો ને વળી વઘાર્યા વાલ.
વીણી મોટા વાસણ માંહે વાલોળ, ને વંતાક,
શકરીઆં ને સૂરણનાં તો સુધારતા'તા શાક.
વરીયાળી ખસખસ ભભરાવી લાડુ વાળી લીધ,
તળીને તાજા ઘીનાં તેમાં સાકર ભેળી દીધ.
છૂટી વેળા થાશે ત્યારે જમવા જાશે નાત,
મીઠા લાડુ ખાંતે ખાંતે ખાશું સૌની સાથ.

૯

રાગ. "એક ટકાનાં પાન મંગાવો રે" એવો રાગ સળંગ.

જ્યારે દીવાળીના દિન આવે રે, ત્યારે સમું તમું લોક કરાવે રે.
માળ મેડીને ભીંત વોળે ચોળે રે, ચાક ચૂનો ઘોળે ને ઘર ધોળે રે;
સહુ પચરંગી પૂરે ચોક રે, નવાં લૂગડાં પહેરે લોક રે;
રૂડાં ઘાટ ઘરેણાં ઘાલે રે, બણી ઠણી ચટકતા ચાલે રે;
કરે મીઠાં મીઠાં જમવાનાં રે, ખાંડ રમકડાં રમવાનાં રે;
લોક દીવાની રોશની કરેછે રે, ફૂલકરણીએ ફૂલડાં ખરેછે રે;
નાનાં બાળ ફટાકીઆ ફોડે રે, વળી ટેટા છછુંદરા વછોડે રે;
ભોંય કોઠી અને ભમગોળા રે, લાલ લીલા બપોરીઆ ધોળારે;
અમે મંગાવશું દારૂખાનું રે, મને લાગે ફોડવું મજાનું રે;

૧૦

રાગ. સામાન્ય.—ચોપાઈના જેવો સાદો.

ભણે ગણે તે નામું કરે, મૂરખ રહે તે દીવો ધરે;
ભણે ગણે તે વાંચે વાત, મૂરખને મારે સહુ લાત;
ભણે ગણે તે પંડિત બને, મૂરખને ગધેડો ગણે;
ભણે ગણે તે પામે શીખ, મૂરખ રહે તે માગે ભીખ;
ભણે ગણે તે ભોજન કરે, મૂરખને તો જાર ન જડે;
ભણે ગણે તે ઘોડે ચડે, મૂરખને પસ્તાવું પડે;
ભણે ગણે તે રાજા થાય, મૂરખ મારગમાં અથડાય;
માટે ભણતર ભણજો ભાઇ, તેથી ડહાપણ સુખ પમાય.

૧૧.

રાગ.—"વહાલા મોઢું ઉઘાડ તારૂં" એ.

રોજ સવારે ઊઠવું વહેલું, ઊઠીને દાતણ કરવું પહેલું;
ટોપી અંગરખી ને ચોરણી પહેરી, પાટી ને પેન તો લેવી ભલેરી;
માત પિતાજીને લાગવું પાયે, નિશાળે આવવું ભણવાએ;
મહેતાજીને સલામ કરવી, શિક્ષક કે' તે શીખામણ ધરવી;
ધ્યાન રાખીને ભણવું રે ભાઈ, રજા વિના નવ જાઇએ કયાંઈ;
ઊઠ કહે ત્યારે ઉભા થાવું, બેશ કહે ત્યારે બેશી જાવું;
વાતો ન કરીએ બીજાની સાથે, લખવું પાટીમાં જમણે હાથે;
ડાબે હાથે નવ આવડે વિદ્યા, રજા મળે ત્યારે જાવું સીધા.

૧૨.

રાગ.—"સૌ જણ આવો રે હારે ઉભા રહીએ."

સલામ કરીએ રે, વરગમાં પેશીને;
ભણીએ સહુ આપણ રે, જોડે બેશીને;
નિશાળે બેઠા રે, હવે માંડો ભણવા;
પાટી લઇ પાસે રે, લહો કર વતરણાં;
એકડા ને પાડા રે, પછી માંડી લેજો;
મો' પાઠ સહુ સહુને રે, ભૂલે ત્યારે કે'જો;
કક્કાય શીખવજો રે, સહુ ભેરૂ થાજો;
માબાપ દીયે તે રે, ખાવાનું ખાજો;
સહુ સહુને દેજો રે, તમે તો તેમાંથી;
ભેરૂ થઇ ભેળા રે, સદા રહેજો સાથી;

વળી ભેળા રમજો રે. રમાડે તે વારે;
ને કે' ગાવાનું રે, ગીતો ગાજો ત્યારે.

કન્યાઓને ગાવાનાં ગીતો

૧૩.

રાગ.—"આપણ કરીએ ઉજાણી" એ રાગ.

હું પાણી પાવા ગઇતી આજ, નાના ભાઇની નિશાળે;
ત્યાં જોવા ઉભી રહી'તી આજ, ના૦
ત્યાં સૌને દીઠા રમતા આજ, નાના૦
પચરંગી દડા મનગમતા આજ, નાના૦
તે દીધા જમણે હાથે આજ, નાના૦
એ હાથે લીધા માથે આજ, નાના૦
બદલાવી ડાબે લીધા આજ, નાના૦
પછી એક બીજાને દીધા આજ, નાના૦
સહુ રમતા રમતા ગાતા આજ, નાના૦
મન હસતા ને હરખાતા આજ, નાના૦
પછી આવ્યા મહેતાજીને આજ, નાના૦
હું રાજી થઈ નીરખીને આજ, નાના૦

૧૪.

રાગ.—"માગું માગું છો ઈશ્વર આપ રે."

મારો નાનેરો ભાઇ ભણે છે રે, તે તો સો સુધી મોઢે ગણેછે રે;
જ્યારે કક્કો પૂરો તો આવડશે રે, મારો ભાઇ પહેલીમાંહે પડશે રે;
એને બાપા અપાવશે પહેલી રે, ભાઈ ડાહ્યો છે નહિ કરે મેલી રે;
એને બાપા અપાવશે ટોપી રે, એને હમણા તો હોય ન કોપી રે;
લખશે પાટીમાં અક્ષર ખડીના રે, અને વાંચશે પાઠ ચોપડીના રે;
એમાં માગાને ભૂપા લખીઆ રે, એણે પાઠનાં નામ ઓળખીયાં રે;
એમાં ઊંટ ને ડાઘો મેં દેખ્યા રે, એમાં મોર ને મીની આળેખ્યાં રે;
એમાં આળેખી ભેંશ ને ગાય રે, એક છોકરો નિશાળે જાય રે;
એનો આળેખી[illegible]રઘોડો રે, એમાં આળેખ્યાં ઘંટી ને ઘોડો રે;
એમાં ચીતર્યાં [illegible]પાળાં રે, ગઇ'તી નિશાળે ત્યારે મેં ભાળ્યાં રે.

૧૫.

રાગ.—"એક ટકાનાં પાન મગાવો રે" એવો રાગ સળંગ.

ચાલો વહેલાં નિશાળે જઇએ રે, ભણીગણીને ડાહ્યાં થઇએ રે;
ત્યાં કન્યાઓ ગાય છે ગીત રે, તાળી પાડી ફરે રૂડી રીત રે;
ત્યાં ગરબાવળી ગવરાવે રે, મીઠી મીઠી કવિતા બોલાવે રે;
નાની બાળાઓ ભણવા આવે રે, તેને મોપાઠ ત્યાં લેવરાવે રે;
વળી કેવી મીઠી કહે કહાણી રે, વા'લી લાગે મહેતાજીની વાણી રે;
ત્યાં તો ખેલવણાં છે ખાસાં રે, ત્યાં વહેંચે સાકર ને પતાસાં રે;
વળી વહેંચે ઇનામ ઘણી વેળા રે, નવ જઇએ તો લોક કહે ઘેલાં રે.

૧૬.

રાગ.—"પડ્યું મારે નંદના કુંવર સાથે પાનું રે."

મારે હજી નદીએ પાણીડાં જાવું રે,
બેન હું તે કેમ કરી ભણવાને આવું રે,
બેની મને વાર થશે આજ થોડી રે,
આજ હું તો નિશાળે આવીશ મોડી રે;
બેન મારો બાળુડો ભાઇ રડે છે રે;
કેડેથી નમી નમી ઉતરી પડે છે રે;
પારણીયામાં હું પ્રેમે સુવારૂં રે,
કે'ની બેન કેમ કરી પરવારૂં રે;
ઘરનું છે કામ હજી ઘણું બાકી રે ના
કરી કરી ઘણીએ રહી હું તો થાકી રે.

૧૭.

રાગ.—"મારો થાળ ભર્યો રે શગ મોતીડે" એ—

મેંતો હમણા રંગાવી મારી ચુંદડી રે,
મારી ચુંદડીની ચોખલીયાળી ભાત,
મુજને વા'લી લાગેછે મારી ચુંદડી રે. ટેક.
મેંતો રંગાવી રૂડા પાંચે રંગથી રે,
હું તો દેખીને થઈ રળિયાત, મુજને૦
એતો વચ્ચેછે કાચા–પીળા રંગની રે,
એને ફરતી છે કંકુવરણી કોર, મુજ

એમાં ગલ ને ગુલાબી ગોટા રંગીયા રે,
એમાં આળેખ્યા વાદળીયાળા મોર, મુજને૦
એમાં લીલુડાં આળેખ્યા લે'રીયાં રે,
એનો રંગ કરે ચળકાટ, મુજને૦
મેંતો એને ચડાવ્યો સાચો છેડલો રે,
લીધી કશબાળી કોર એને માટ, મુજને૦
મેંતો આજે કાઢી છે એને ઓઢવા રે,
હું તો હરખે ને હોંશે ઓઢીશ, મુજને૦
મુજને રઢ રે લાગી છે એના રંગની રે,
હું તો પહેરીને ઠમકે ચાલીશ, મુજને૦

૮.

ન.—ઉપરનો.

હું તો ી રહીને પહેરૂં ચુંદડી રે,
મેં તો લીધી આ પાટી ને ચેન,
મારે ભણવા જાવું છે ભલી ભાતથી રે.—ટેક
મેં તો પોતું લીધું છે પાટી લૂછવા રે,
હમણા આવે છે મારી મોટી બેન, મારે ભણવા૦
અમે માતા પિતાને પાયે લાગીયાં રે,
અમે પામ્યાં લાખેણી આશીષ. મારે૦
આજે રૂડાં ઇનામ અમને આપશે રે,
હું તો પ્રેમે પરીક્ષા આપીશ, મારે૦

વળી સાકર પતાસાં પણ વેંચશે રે,
હું તો ખાંતેથી ખોળામાં લઇશ, મારે૦
તું એ ભણવા આવે તો તને આપશે રે,
હું તો તારી વતીથી કહીશ. મારે૦

સમાપ્ત.